આગામી ૧૩થી ૨૭ ફેબ્રુઆરી દરમિયાન અટલ ભૂજલ યોજના હેઠળના વિસ્તારો

રાજ્યભરમાં 'અટલ ભૂજલ પખવાડિયું' ઉજવાશે

પાણી પુરવઠા અને જળસંપત્તિ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા ૧૩ ફેબ્રુઆરીના રોજ NFSU ગાંધીનગર ખાતેથી કરાવશે શુભારંભ

ગાંધીનગર, તા.૧૦

આગામી ૧૩ થી ૨૭ ફેબ્રુઆરી દરમિયાન રાજ્યભરમાં 'અટલ ભૂજલ યોજના' હેઠળના વિસ્તારોમાં 'અટલ ભૂજલ પખવાડિયું' ઉજવવામાં આવશે. જેનો શુભારંભ પાણી પુરવઠા અને જળસંપત્તિ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા તા. ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ નેશનલ ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતેથી કરાવશે. આ પ્રસંગે રાજ્યકક્ષાના પાણી પુરવઠા મંત્રી મુકેશભાઈ પટેલ, ગાંધીનગર(ઉત્તર)ના ધારાસભ્ય રીટાબેન પટેલ, ગાંધીનગર (દક્ષિણ)ના ધારાસભ્ય અલ્પેશભાઈ ઠાકોર, ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલ, કે. બી. રાબડીયા, ખાસ સચિવ (જળસંપત્તિ) તથા ગાંધીનગર કલેક્ટર પ્રવિણા ડી. કે. ઉપસ્થિત રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળના ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડ, ગાંધીનગર દ્વારા 'અટલ ભૂજલ યોજના'નો રાજ્યમાં અમલ કરવામાં આવી રહ્યો છે. આ યોજના હેઠળ રાજ્યમાં ભૂગર્ભ જળ નીચા ગયા છે તેવા ગાંધીનગર, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, બનાસકાંઠા અને કચ્છ જિલ્લાઓના ૩૬ તાલુકાઓના ૧૮૭૩ ગ્રામ પંચાયતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. 'અટલ ભૂજલ યોજના'નો મુખ્ય ઉદ્દેશ ભૂગર્ભ જળ વ્યવસ્થાપન માટેના માળખાને મજબૂત કરવાનો છે, જે અંતર્ગત ભૂગર્ભ જળના આંકડા અને માહિતી અંગે ગ્રામ સમુદાયોને સાચી અને યોગ્ય સમજ આપવામાં આવે છે. આ સમુદાયની આગેવાની હેઠળ વોટર સિક્યુરિટી પ્લાનનું આયોજન કરવામાં આવે છે, જેમાં સમાવિષ્ટ કરાયેલા કામોનું સરકારના વિવિધ વિભાગો દ્વારા અમલીકરણ કરવામાં આવે છે. જિલ્લા કક્ષાએ યોજનાના અમલમાં ભાગીદાર તરીકે સ્વૈચ્છિક/બિન સરકારી સંસ્થાઓના સહયોગથી પ્રેરણા, લોકજાગૃતિ અને ક્ષમતાવર્ધન કરવામાં આવે છે. આ યોજનાના અમલ હેઠળના જિલ્લાઓમાં પાણી પુરવઠો વધારવા નવા ચેકડેમ, કૂવા રિચાર્જ, તળાવો ઊંડા કરવા સહિતના કામો કરવામાં આવે છે. તેમજ પાણીની માંગ ઘટાડે તેવા કાર્યક્ષમ ઉપયોગ માટે સૂક્ષ્મ પિયત પદ્ધતિ તેમજ અન્ય ઉપાયો અપનાવવા ઉપર ભાર મૂકવામાં આવે છે.

વડોદરા-અમદાવાદ હાઈવે પર ટ્રેલર અને આઈશર વચ્ચે અકસ્માત : ત્રણનાં મોત

અમદાવાદ તરફ ચાર કિમી સુધી લાંબો ટ્રાફિક જામ થયો

અમદાવાદ, તા.૧૦

રાજ્યમાં દિવસે ને દિવસે અકસ્માતમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે વડોદરા અમદાવાદ એક્સપ્રેસ હાઈવે પર વધુ એક અકસ્માત સર્જાયો છે. અહીં સવારે પોણા સાત વાગ્યાની આસપાસ ટ્રેલર અને કાર વચ્ચે અકસ્માત થયો હતો. અકસ્માતની આ ઘટનામાં ત્રણ લોકોનાં મોત નીપજ્યાં હતા. અકસ્માત સર્જાતા અમદાવાદ તરફ ચાર કિમી સુધી ટ્રાફિક સર્જાયો હતો. જે બાદ અનેક લોકો પોતાના વાહનોમાં જ ફસાયા હતા.

બનાવની જાણ ૧૦૮ એમ્બ્યુલન્સ અને પોલીસને કરવામાં આવી હતી. પોલીસે ઘટના સ્થળે પહોંચીને કાર્યવાહી હાથ ધરી હતી. સાથે જ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડવા કામગીરી હાથ ધરી હતી. પ્રાપ્ત રિપોર્ટ મુજબ, વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ હાઈવે પર વધુ એક અકસ્માત સર્જાયો હતો. અહીં સવારે પોણા સાત વાગ્યાની આસપાસ ટ્રેલર અને આઈશર ગડી વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સર્જાતા ત્રણ લોકોનાં મોત નીપજ્યા હતા. તો અકસ્માત બાદ હાઈવે પર ભયંકર ટ્રાફિક જામ થયો હતો. અકસ્માતના પગલે આસપાસના લોકો મદદ માટે દોડી આવ્યા હતા. બાદમાં બનાવની જાણ ૧૦૮ એમ્બ્યુલન્સ અને પોલીસને કરવામાં આવી હતી. મહત્વનું છે કે, અકસ્માતના પગલે અમદાવાદ તરફ ચાર કિમી સુધી ટ્રાફિક સર્જાયો હતો. બનાવના પગલે સ્થાનિક પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. બાદમાં પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડવાની કામગીરી હાથ ધરી હતી.

અકસ્માતના પગલે લાંબો સમય સુધી ટ્રાફિક જામ રહેતા વાહન ચાલકો પણ ફસાયા હતા. પોલીસે ટ્રાફિકને હળવો કરવા માટે કામગીરી હાથ ધરી હતી. મહત્વનું છે કે, ગઈ સાતમી ફેબ્રુઆરીના રોજ લીંબડી રાજકોટ હાઈવે પર એક ભયંકર અકસ્માત સર્જાયો હતો. સુરેન્દ્રનગરના લીંબડી-રાજકોટ હાઈવે પર ટ્રક અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જે બાદ ચાર લોકોનાં કરુણ મોત નીપજ્યા હતા.

આરોપી કોન્ટ્રાક્ટર પિતા પુત્રના જામીન ફગાવાયા

મોરબી પુલ દુર્ઘટના કેસમાં બંને પક્ષની દલીલો સાંભળી

મોરબી, તા.૧૦

મોરબી ઝૂલતો પુલ દુર્ઘટના કેસમાં આજે કોર્ટે બંને પક્ષની દલીલો સાંભળી હતી. ત્યારપછી કોર્ટે પોતાનો નિર્ણય જણાવ્યો હતો. કોર્ટ દ્વારા આરોપી કોન્ટ્રાક્ટર પિતા-પુત્રના જામીન નામંજૂર કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. મોરબી ઝૂલતો પુલ દુર્ઘટના કેસમાં અગાઉ ઝડપાયેલા નવ આરોપી પૈકી સાત આરોપીની જામીન અરજી અગાઉ કોર્ટે નામંજૂર કરી હતી.

મોરબી ઝૂલતો પુલનું મેન્ટેનન્સ કરનાર કોન્ટ્રાક્ટર દેવાંગ પરમાર અને પ્રકાશ પરમારે મોરબી સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી જે જામીન અરજી મામલે ગઈકાલે સેશન્સ જજની કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી જેમાં બચાવ પક્ષના વકીલે કોન્ટ્રાક્ટર પિતા પુત્રની તરફેણમાં દલીલો કરી હતી અને તેઓએ માત્ર બ્રીજનું ફલોરિંગ કામ કરેલું છે અને બ્રીજ કાટ ખાઈ ગયેલા કેબલ અને ઓવરલોડીંગને કારણે તુટ્યો હોવાની દલીલો રજુ કરી હતી અને આરોપીઓ છેલ્લા ત્રણ માસથી જેલમાં હોય જેથી જામીન પર છોડવા માટે કોર્ટ સમક્ષ માંગ કરી હતી. તો સરકારી વકીલે પણ જામીન અરજીનો વિરોધ કરતા વિવિધ દલીલો રજુ કરી હતી અને જામીન અરજી નામંજૂર કરવાની માંગ કરી હતી. કોર્ટે બંને પક્ષની દલીલો સાંભળી જામીન અરજીનો નિર્ણય આજે આપ્યો હતો.

આ અગાઉ જયસુખ પટેલને ૧૪ દિવસના રિમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા જેમા ૭ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હતા. આ રિમાન્ડ આજે પુરા થતા ફરી એક વખત કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો.

એએમસીનું વર્ષ ૨૦૨૩-૨૪નું સુધારા સાથેનું બજેટ રજૂ

એએમસી દ્વારા ૨૦ વર્ષના બાકી ટેક્સના વ્યાજમાં માફી આપશે

મ્યુનિસિપલ કમિશ્નરે સૂચવેલા ૮૪૦૦ કરોડના બજેટમાં સ્ટેન્ડિંગ કમિટીએ ૧૦૮૪ કરોડનો વધારો કર્યો

અમદાવાદ, તા.૧૦

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું વર્ષ ૨૦૨૩-૨૪નું સુધારા સાથેનું બજેટ રજુ કરવામાં આવ્યું છે. મ્યુનિસિપલ કમિશ્નરે સૂચવેલા ૮૪૦૦ કરોડના બજેટમાં સ્ટેન્ડિંગ કમિટીએ ૧૦૮૪ કરોડનો વધારો કરીને અમદાવાદનુ ૨૦૨૩-૨૪નું બજેટ રજૂ કર્યુ છે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હિતેશ બારોટે બજેટ રજૂ કર્યું હતું. આ બજેટમાં શહેરીજનોને પ્રોપર્ટી ટેક્સમાં મોટી રાહત આપવામાં આવી છે.

તે ઉપરાંત સત્તાધિશોએ વ્યાજમાફીને લઈને મોટો નિર્ણય કર્યો છે. શહેરીજનોને ૨૦ વર્ષના બાકી ટેક્સના વ્યાજમાં માફી અપાશે. રાજ્ય સરકાર દ્વારા અલગ અલગ મહાનગરપાલિકા અને નગરપાલિકાઓને ટેક્સમાં વ્યાજમાફીને લઈને આદેશ કરવામાં આવ્યો હતો. ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને વ્યાજમાફીને લઈને મોટો નિર્ણય લીધો છે.

નાગરીકો વ્યાજના કારણે રકમ ભરપાઈ નહોતા કરી શકતા. ત્યારે એએમસીએ કુલ ૧૫૦૦ કરોડની રકમનું વ્યાજ માફ કર્યું છે. જ્યારે આવક માટે શહેરમાં કોર્પોરેશનના પ્લોટને વેચીને આવક ઉભી કરાશે. અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર દ્વારા વિકાસના કાર્યો પાછળ રૂપિયા ૩૫૦૦ કરોડ ફાળવવામાં આવ્યા હતા. જેમાં રૂ. ૪૭૪ કરોડનો વધારો કરી રૂ. ૩૯૭૪ કરોડના વિકાસના કામો મુકવામા આવ્યા છે. રોડ રસ્તા, ગટર, પાણી, બ્રિજ, પાર્કિંગ, ટ્રાફિક, ટ્રાન્સપોર્ટેશન, હેલ્થ, હોસ્પિટલ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, કોમ્યુનિટી હોલ, જાહેર સુવિધાઓ, બાગ બગીચા, નેચરલ પાર્ક, સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન અને સ્માર્ટ સિટી હેઠળ અનેકવિધ નવા આયોજનો મૂકી અને અમદાવાદના નાગરિકોને સારામાં સારી સુવિધાઓ મળી રહે તેવું આયોજન ચાલુ વર્ષના બજેટમાં કરવામાં આવ્યું છે.

વડોદરા એસઓજીની ટીમનું ઓપરેશન

ગોલ્ડન ચોકડી પાસેથી ૧૨.૫૯ લાખના એમડી ડ્રગ્સ સાથે એક જબ્બે

આરોપીએ એમડી ડ્રગ્સનો જથ્થો મધ્યપ્રદેશના મંગિલાલ પાટીદાર નામના શખ્સ પાસેથી વેચાણ માટે મગાવ્યો હતો

વડોદરા, તા.૧૦

મધ્યપ્રદેશથી એમડી ડ્રગ્સ મંગાવી હાલોલથી વડોદરા વેચવા માટે આવેલ શખ્સને વડોદરા એસ.ઓ.જી પોલીસની ટીમે ગોલ્ડન ચોકડી પાસેથી ઝડપી પાડી રૂપિયા ૧૨.૫૯ લાખ ઉપરાંતની કિંમતના ૧૨૫.૯૯ ગ્રામ એમડી ડ્રગ્સના જથ્થા સાથે ઝડપી પાડી આરોપીની નાર્કોટિક્સ અધિનિયમ હેઠળ ધરપકડ કરી અન્ય બે શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા છે. વડોદરા શહેર એસઓજી પોલીસ ટીમને ચોક્કસ માહિતી મળી હતી કે, શહેરના છેવાડે આવેલ ગોલ્ડન ચોકડી બ્રિજ નીચે એક શખ્સ ડ્રગ્સનું વેચાણ કરવા માટે પહોંચવાનો છે. જેના આધારે પોલીસે ગોલ્ડન ચોકડી બ્રિજ નીચે વોચ ગોઠવી સ્કૂલ બેગ સાથે શંકાસ્પદ પસાર થતાં શખ્સને ઝડપી પાડ્યો હતો. પોલીસની પ્રાથમિક પૂછતાછમાં આરોપી મોહનલાલ મંગિલાલ લુહાર (રહે-હાલોલ /મૂળ રહે- મધ્યપ્રદેશ) હોવાનું બહાર આવ્યું હતું. તેની પાસે રહેલી સ્કૂલબેગની તલાસી લેતા બોક્સમાંથી એમ ડી ડ્રગ્સ મળી આવ્યું હતું. મેફેડ્રોન ડ્રગ્સની એક ગ્રામની ૧૦ હજાર કિંમત લેખે રૂ. ૧૨,૫૬,૯૦૦ની કિંમતનું ૧૨૫.૯૯ ગ્રામ એમ ડી ડ્રગ્સ હોવાનું બહાર આવ્યું છે. બોક્સની ડિલિવરી મોહન વિશ્વકર્મા (રહે-હાલોલ)ને આપવાની હોવાનો ઉલ્લેખ હતો. આરોપીએ આ એમડી ડ્રગ્સનો જથ્થો મધ્યપ્રદેશના મંગિલાલ પાટીદાર નામના શખ્સ પાસેથી વેચાણ કરવા માટે મંગાવતા તેનો માણસ હાલોલ ખાતે ડિલિવરી આપી ગયો હોય અને ગોલ્ડન ચોકડી નીચે આવી ગ્રાહકોને છૂટક વેચાણ કરવાની કબુલાત કરી હતી.

બંધ પડેલા ટ્રેલર પાછળ કાર ઘૂસી જતા બે લોકોના મોત

આણંદ,તા.૧૦

આણંદમાંથી પસાર થતો એક્સપ્રેસ વે ગોઝારો બની રહ્યો છે. વાસદ નજીક એક્સપ્રેસ વે પરથી પસાર થઈ રહેલા ટ્રેલરનું ટાયર ફાટતાં તે રસ્તા વચ્ચે જ ઉભુ રહી ગયું હતું. બીજી તરફ વ્હેલી સવારે વડોદરાથી કારમાં નિકળેલા બે વ્યક્તિ અમદાવાદ તરફ જઇ રહ્યાં હતાં અને છ વાગ્યાના સુમારે વાસદ નજીકથી પસાર થતા સમયે ટ્રેલર પાછળ ધડાકાભેર અથડાયાં હતાં. જેના કારણે કારમાં સવાર બન્ને વ્યક્તિના ઘટના સ્થળે જ મોત નિપજ્યાં હતાં.આ અકસ્માતના પગલે ટ્રાફિક જામ થઇ જતાં તાત્કાલિક વાસદ પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી. મૃતકોના પોસ્ટ મોર્ટમ માટે હોસ્પિટલમાં ખસેડ્યાં હતાં. આ ઘટના અંગે મૃતકના સંબંધીઓને જાણ કરતાં તેઓ વાસદ દોડી આવ્યાં હતાં.

ICSI અમદાવાદના આઈકોનિક ભવનનો શિલાન્યાસ

આઈસીએઆઈના ભવનમાં નોલેજ અપડેશન પૂરા પડાશે

ચાણક્યપુરી ખાતે નવા આઈકોનિક સીએ ભવનમાં ૫૦૦૦ વારમાં ૧,૫૦,૦૦૦ સ્કેવર ફૂટ બાંધકામ થશે

અમદાવાદ , તા.૧૦

ધી ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ)ના ચાણક્યપુરી વિસ્તારમાં બનનારા આઈકોનિક સીએ ભવનનો શિલાન્યાસ સમારોહ આજરોજ યોજાયો હતો. આઈસીએઆઈના નેશનલ પ્રેસિન્ડેન્ટ સીએ (ડો.) દેબાશીસ મિત્રા, વાઈસ પ્રેસિડેન્ટ સીએ અનિકેત તલાટી નવા બિલ્ડીંગની ઈન્ફ્રાસ્ટ્રકચર કમિટીના ચેરપર્સન અને સેન્ટ્રલ કાઉન્સિલ મેમ્બર સીએ પુરુષોત્તમ ખંડેલવાલ આઈસીએઆઈની અમદાવાદ બ્રાન્ચના ચેરપર્સન સીએ બીશન શાહના હસ્તે શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.

આઈકોનિક સીએ ભવનના શિલાન્યસ સમારોહમાં ઉપસ્થિત રહેલા આઈસીએઆઈના નેશનલ પ્રેસિડેન્ટ સીએ (ડો.) દેબાશિસ મિત્રાએ જણાવ્યું હતું કે અમદાવાદ ખાતે નિર્માણ થઈ રહેલા આઈસીએઆઈના નવા બિલ્ડિંગના શિલાન્યાસ પૂજનમાં સામેલ થવા બદલ હું ખૂબ જ આનંદની લાગણી અનુભવી રહ્યો છું. સમયની જરૂરિયાત પ્રમાણે અમદાવાદમાં આઈસીએઆઈનું આઈકોનિક બિલ્ડિંગ બનવા જઈ રહ્યું છે તે ખૂબ જ પ્રશંસનીય છે. આઈસીએઆઈની કુલ ૧૬૭ બ્રાન્ચ પૈકી અમદાવાદ બ્રાન્ચ બીજા નંબરની બ્રાન્ચ છે. દેશમાં કુલ ૩,૭૫,૦૦૦ સીએ છે જ્યારે આઠ લાખથી વધારે વિદ્યાર્થીઓ છે. અમદાવાદ બ્રાન્ચમાં કુલ ૧૪,૦૦૦ મેમ્બર છે. અમને એ વાતની ખુશી છે કે સીએના વ્યવસાયમાં હવે મહિલાઓની સંખ્યા વધી રહી છે. દેશના કુલ સીએમાં ૨૯ ટકા મહિલા સીએ છે.

આઈસીએઆઈ અમદાવાદ બ્રાન્ચના નવા ભવનના શિલાન્યાસ સમારંભમાં ઉપસ્થિત રહેલા આઈસી એઆઈના નેશનલ વાઈસ પ્રેસિડેન્ટ સીએ અનિકેત તલાટીએ જણાવ્યું હતું કે ચાણયક્યપુરી ખાતે નિમાર્ણ થઈ રહેલું નવું ભવન આઈકોનિક સીએ ભવન હશે. ૫૦૦૦ વારમાં કુલ ૧,૫૦,૦૦૦ સ્કેવર ફૂટ બાંધકામ થશે.

KD હોસ્પિટલે એક દર્દીમાં સફળતાપૂર્વક, જટિલ લિવર ટ્રાન્સપ્લાન્ટ અને કોરોનરી બાયપાસ સર્જરી પ્રક્રિયા સાથે કરીને તબીબી ક્ષેત્રમાં નવો વિક્રમ સર્જ્યો

અમદાવાદ, તા.૧૦

કેડી હોસ્પિટલ, અમદાવાદની અગ્રણી મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલની સફળ સી.એ.બી.જી.(બાયપાસ સર્જરી) પ્રક્રિયા સાથે સંયુક્ત રીતે લિવર ટ્રાન્સપ્લાન્ટ સર્જરીની જાણકારી આપતા અમે ગર્વ અનુભવીએ છીએ.. અનુભવી સર્જનો અને તબીબી નિષ્ણાંતોની ટીમ દ્વારા કરવામાં આવતી આ જટિલ પ્રક્રિયા, આ કેસ સર્જીકલ ક્ષેત્રમાં નોંધપાત્ર ઉદાહરણરૂપ છે.

સી.એ.બી.જી.એ એક પ્રમાણભૂત સર્જિકલ પ્રક્રિયા છે જેનો ઉપયોગ દર્દીના શરીરના અન્ય ભાગોમાંથી લેવામાં આવતી તંદુરસ્ત રક્તવાહિનીઓ સાથે અવરોધિત અથવા સાંકડી ધમનીઓને બાયપાસ કરીને હૃદયની બિમારીની સારવાર માટે થાય છે. બીજી બાજુ, લીવર ટ્રાન્સપ્લાન્ટ, એક એવી પ્રક્રિયા છે જેમાં રોગગ્રસ્ત લીવરને દૂર કરવામાં આવે છે અને તેને દાતા પાસેથી તંદુરસ્ત મેળવેલ લીવર સાથે બદલવામાં આવે છે. એક જ સર્જરીમાં બંને પ્રક્રિયાઓને સંયોજિત કરવી એ એક જટિલ અને પડકારજનક ઓપરેશન માનવામાં આવે છે, અને એવો અંદાજ છે કે માત્ર થોડા જ દર્દીઓને સી.એ.બી.જી.અને લિવર ટ્રાન્સપ્લાન્ટ બંનેની જરૂર પડે છે.

આ ઓપરેશન ૪૪ વર્ષીય દર્દી, શ્રી વિજય પટેલ પર કરવામાં આવ્યું હતું, જેઓ લીવર ફેલિયર અને હૃદય રોગથી પીડાતા હતા જેણે આ પ્રક્રિયાને ખાસ કરીને પડકારરૂપ બનાવી હતી. દર્દીએ કહ્યું, "મને જીવનમાં બીજી તક આપવા બદલ હું કેડી હોસ્પિટલની ટીમનો ખૂબ આભારી છું. સર્જરીએ મારા જીવનમાં સુધારો કર્યો છે, અને હું પહેલા કરતાં વધુ સારું અનુભવી રહ્યો છું. હું તેમની કુશળતા અને કરુણા માટે હોસ્પિટલ અને ઑપરેટિંગ ટીમનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે." બંને સર્જરીઓ સાથે મળીને કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, કારણ કે એકલા એક સર્જરી કરવાથી જોખમ વધે છે અને અન્ય અંગની કામગીરીને વધુ ખરાબ કરે છે. કેડી હોસ્પિટલના લીવર ટ્રાન્સપ્લાન્ટ અને એચપીબી સર્જન ડો. દિવાકર જૈન જે કેસના મુખ્ય સર્જન છે તેમણે જણાવ્યું હતું કે, "લિવર ટ્રાન્સપ્લાન્ટ અને સીએબીજીનું સંયોજન એ ખૂબ જ જટિલ પ્રક્રિયા છે જેમાં ચોક્કસ સંકલન અને ટેકનિકલ કૌશલ્યની જરૂર છે. મારી ટીમને પડકારનો સામનો કરવા અને ઉત્કૃષ્ટ પરિણામો આપવા બદલ તેમના પર મને ગર્વ છે.. આ પ્રક્રિયા કેડી હોસ્પિટલની ક્ષમતાઓ અને વિશ્વ-કક્ષાની તબીબી સંભાળ પૂરી પાડવાની તેની પ્રતિબદ્ધતાનો પુરાવો છે." ડૉક્ટર ભાવિન દેસાઇ, સિનિયર સીટીવીએસ સર્જન અને કેડી હોસ્પિટલની ટીમ દ્વારા સર્જરી કરવામાં આવી હતી. તેમણે વધુ માં ઉમેર્યું કે, '' દર્દીનું જીવન બચાવી શકાય અને શસ્ત્રક્રિયા સફળ થાય તે સુનિશ્ચિત કરવા માટે બંને તબીબી ટીમોએ સાથે મળીને કામ કર્યું. આ એક અનન્ય પ્રકારનો કેસ છે જે તબીબી ક્ષેત્રમાં મહત્વનો ફાળો આપે છે. ''

કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવિયા ગુજરાતના પ્રવાસે

ગાંધીનગર અને રાજકોટ જિલ્લા તથા શહેર ખાતે વિવિધ કાર્યક્રમોમાં આપશે હાજરી

ગાંધીનગર, તા.૧૦

માનનીય કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા રસાયણ અને ખાતર મંત્રીશ્રી મનસુખભાઈ માંડવિયા તા. ૧૧ અને ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ ગાંધીનગર અને રાજકોટ જિલ્લા તથા શહેરના પ્રવાસે આવનાર છે, આ દરમ્યાન તેઓ જુદા-જુદા કાર્યક્રમોમાં હાજરી આપશે.

તા. ૧૧/૦૨/૨૦૨૩ના રોજ સાંજે ૦૬.૩૦ કલાકે હોટલ લીલા, ગાંધીનગર ખાતે ગ્લોબલ એશિશીએશન ઓફ ફિઝિશ્યનસ ઓફ ઈન્ડિયન ઓરીજીન દ્વારા આયોજિત કોન્ફરન્સમાં ભાગ લેશે.

તા. ૧૨/૦૨/૨૦૨૩ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે શ્રી વૈદિક મિશન ટ્રસ્ટ, પ્રાસલા, તા. ઉપલેટા, જી. રાજકોટ ખાતે રાષ્ટ્ર કથા શિબિરમાં ભાગ લેશે. ત્યારબાદ બપોરે ૦૨.૩૦ કલાકે રાજકોટ ખાતે નિર્માણધીન AIIMSની સમીક્ષા કરશે અને સાંજે ૦૫.૦૦ કલાકે શ્યાજી હોટલ, રાજકોટ ખાતે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજિત 'અમૃત કાલ બજેટ' કાર્યક્રમ અંતર્ગત સંવાદ કરશે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

છ અને જ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તંત્ર દ્વારા નોટીસ આપી આખરે કોર્ટ કેસ દાખલ કરવામાં આવ્યા છે. જો કે હજુ સુધી ઘણાં ખરા આવાસો અનઅધિકૃત કબજેદારોના હવાલે હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. ત્યારે સરકારી આવાસોના મામલે અગાઉ તંત્ર દ્વારા હાથ ધરાયેલા સર્વેના અંતે જોખમી મકાનોને તબક્કવાર તોડવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. તંત્ર દ્વારા જોખમી મકાનોનો કડસુલો કરવા માટે વિભાગને દરખાસ્ત કરવામાં આવે છે જયારે દરખાસ્તના અંતે મંજુરી મળતા તંત્ર દ્વારા જુના મકાનો તોડવા માટે કામ હાથ ધરવામાં આવે છે. અગાઉ સે- ૧૬, સે-૭ સે-૧૨ સે-૧૭ સે-૯ માં પણ દાયકાઓ જુના જર્જરિત મકાનો તોડી નાંખીને જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી જયારે વિભાગ કક્ષાએથી મંજુરી અપાયા બાદ તબક્કાવાર અન્ય મકાનો તોડવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. તંત્ર દ્વારા સે- ૨૮ માં છ અને જ કક્ષાના ૨૪૦ મકાનો તોડવા માટે વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી જયારે આ મામલે આખરે મંજુરી આપી દેવાતા ટુંકમાં જ સેકટરમાં છ કક્ષાના ૯૦ અને જ કક્ષાના ૧૫૦ મકાનો તોડવાનુ કામ હાથ ધરવામાં આવશે. સેકટરોમાં જુના મકાનોનો કડુસલો કરી માર્ગ મકાન વિભાગ દ્વારા વિવિધ કેટેગરીના સરકારી આવાસોને અનુલક્ષી ટાવર કોલોનીનો કન્સેપ્ટ અપનાવાયો છે. જયારે સે- ૬,૭ અને સે- ૨૯ તેમજ સે-૩૦ બાદ હવે આગામી દિવસોમાં અન્ય એક સેકટરમાં પણ નવા આવાસો બાંધવા માટે સાઈટ આખરી કરાશે જો કે હજુ પણ આ મામલે જગ્યા નિયત કરવામાં આવી નથી સ્થળ પસંદગીના અંતે નવા મકાનો બાંધવા માટે કામ હાથ ધરાશે.

ચાર સેકટરોમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી જે આવાસોની પ્રમાણમાં દશા સારી હોય તેવા આવાસોને પણ અભિપ્રાયના અંતે રીનોવેશન હેઠળ આવરી લેવા માટે આયોજન કરવામાં આવે છે. તે મુજબ સેકટરોમાં હાલ કેટલાક બ્લોકને મજબતીકરણ હેઠળ આવરી લેવા માટે કામ હાથ ધરવામાં આવશે. શહેરના જુદા જુદા સેકટરોમાં વિવિધ કક્ષાના મકાનોની સ્થિતિ ચકાસી અભ્યાસ બાદ રીનોવેશનની યોજના હાત ધરવામાં આવે છે. પાટનગર યોજના વિભાગના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર શહેરના સે- ૨૯, ૩૦ સે- ૨૧ અને સે- ૮ માં વિવિધ કક્ષાના ૨૫૦ આવાસોને મજબુતીકરણ હેઠળ આવરી લેવાશે આ કાર્યયોજના અન્વયે અંદાજિત રૂ ૧૦ કરોડનો ખર્ચ કરાશે. જયારે કામને અનુલક્ષીને ટેન્ડર પ્રકીયાના અંતે હવે ટુંકમાં મકાનોના રીનોવેશનની કામગીરી શરૂ કરી દેવાશે. સેકટરોમાં જોખમી મકાનો તોડવાની સાથે નવા મકાનો બાંધવામાં આવી રહ્યા છે. જયારે કેટલાક બ્લોકને રીનોવેશન હેઠળ પણ આવરી લેવા માટે આયોજન કરવામાં આવે છે આમ આવાસની ઘટને પહોંચી વળવા માટે પ્રયાસો થઈ રહ્યા છે.

સેન્સેક્સ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારતીય શેરોમાં ઘટાડો થયો હતો. યુએસ મંદીની આશંકાથી વૈશ્વિક ઈક્વિટીમાં ઘટાડો જોવા મળ્યો હતો. પરિણામે સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે સેન્સેક્સ અને નિફ્ટી નીચે બંધ થયા છે. બીએસઈ ઈન્ડેક્સ સેન્સેક્સ ૧૨૩.૫૨ પોઈન્ટ અથવા ૦.૨૦ ટકા ઘટીને ૬૦,૬૮૨.૭૦ પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટી ૫૦ પણ ૩૬.૯૫ પોઈન્ટ અથવા ૦.૨૧ ટકાના ઘટાડાનો સામનો કરી ૧૭,૮૫૬.૫૦ પર બંધ રહ્યો હતો.

સેન્સેક્સના ૩૦ શેરોના ૩૦માંથી ૧૮ શેરો ઘટાડા સાથે બંધ થયા છે.આગલા દિવસની જેમ સપ્તાહના અંતિમ દિવસે પણ અદાણી ગ્રુપના શેરમાં નબળાઈ ચાલુ રહી હતી. અદાણી એન્ટરપ્રાઈઝનો શેર રૂ. ૭૨.૭૦ અથવા ૩.૭૮ ટકા ઘટીને રૂ. ૧,૮૫૩.૦૦ પ્રતિ શેર થયો હતો. અદાણી ટોટલ ગેસનો સ્ટોક ૫ ટકા ઘટ્યો હતો, જ્યારે અદાણી ગ્રીન અને અદાણી ટ્રાન્સમિશનમાં પણ ૫-૫ ટકાનો ઘટાડો નોંધાયો હતો. આગલા દિવસે અદાણી ગ્રુપના ૧૦માંથી ૯ શેરમાં ઘટાડો નોંધાયો હતો.

તુર્કીમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઘરના કાટમાળમાંથી ફસાયેલ લોકોની તપાસ ચાલી રહી છે. તમામ અચડણો અને પડકારો છતાં ૭.૮ની તીવ્રતાના ભૂકંપના ૭૨ કલાક બાદ લાશો કાટમાળમાંથી નીકળી રહી છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને કહ્યું કે, બંને દેશોમાં કેટલાય મૃતકો હજૂ પણ મળવાની શક્યતા છે. ઉર્ફના જણાવ્યા અનુસાર, મૃતકોની સંખ્યા ૨૦ હજારની નજીક પહોંચી જશે. આ દરમિયાન ભારતીય સેના અને એનડીઆરએફની ટીમે તુર્કીમાં મોર્ચો સંભાળી લીધો છે. ભારતીય સેનાએ ભૂકંપ પ્રભાવિત વિસ્તારમાં ફીલ્ડ હોસ્પિટલ બનાવી છે. જ્યાં ઘાયલોની સારવાર ચાલી રહી છે.

સુપ્રીમ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આપે કે તે ભારતવિરોધી અને ભારત સરકારવિરોધી રિપોર્ટિંગ/ ડોક્યુમેન્ટ્રી બનાવનાર પત્રકાર વિરુદ્ધ તપાસ કરે. અરજીમાં બીબીસી પર તેનો એજન્ડા ચલાવવાનો આરોપ પણ મૂકાયો હતો અને દાવો કરાયો હતો કે બીબીસી ભારતમાં વ્યાપ્ત શાંતિ અને રાષ્ટ્રીય અખંડતાને અવરોધે છે. સુપ્રીમકોર્ટે અરજી ફગાવતાં કહ્યું હતું કે આ ખોટું કહેવાય. અમે અરજી ફગાવીએ છીએ.

આશાનું કેન્દ્ર

● અનુસંધાન પહેલાનું ચાલુ

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, એક સમય હતો જ્યારે યુપીને પછાત રાજ્ય કહેવામાં આવતું હતું. બધાએ યુપી પાસે કોઈ આશા રાખી ન હતી, પરંતુ છેલ્લા ૫-૬ વર્ષમાં યુપીએ પોતાની નવી ઓળખ બનાવી છે. હવે યુપી તેના સુશાસન માટે ઓળખાય છે. બહુ જ ટૂંક સમયમાં યુપી દેશના એક માત્ર એવા રાજ્ય તરીકે ઓળખાશે જે ૫ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ધરાવે છે.